ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ





## બેટ વધ્યા, પાણી ઘટ્યું

નર્મદા મૈયા બ્રિજની આગળ નદીમાં ઉપસી આવતા રેતીના ટેકરાની સંખ્યામાં વધારો

# નર્મદા નદીના વહેણમાં ફેરફાર

» 1950 સુધી ભરૂચના ફૂરજા બંદરે દેશ-વિદેશનાં વ્યાપારી જહાજો લાંગરતાં હતાં, પરંતુ સરદાર ડેમ બાદ સ્થિતિ બદલાઈ ગઈ

» ખારાશ ભાલોદ સુધી પહોંચી, ભાડભૂત બેરેજ અને કલ્પસર પ્રોજેક્ટ ખારા પાણીને નર્મદાના મુખ્ય પ્રવાહમાં પ્રવેશતા અટકાવી શકે



ભરૂચઃ ગુજરાતની આરાધ્ય નર્મદા નદીના વહેણમાં સતત ફેરફાર થઈ રહ્યો છે. તાજેતરમાં નર્મદા મૈયા બ્રિજની આગળ નદીમાં ઉપસી આવતા રેતીના ટેકરા (બેટ)ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જેની સાથે જ જળસ્તરમાં ઘટાડો નોંધાતાં પર્યાવરણવિદો અને સ્થાનિકોમાં ગંભીર ચિંતા વ્યાપી છે.

મધ્યપ્રદેશની અમરકંટકની ટેકરીઓમાંથી નીકળી 1300 કિમીની યાત્રા કરી કાંટિયાજાળ નજીક અરબી સમુદ્રને ભેટતી નર્મદાનો ભવ્ય ભૂતકાળ રહ્યો છે. 1950 સુધી ભરૂચના ફૂરજા બંદરે દેશ-વિદેશનાં વ્યાપારી જહાજો લાંગરતાં હતાં, પરંતુ સરદાર સરોવર બંધના આગમન બાદ નદીની ભૌગોલિક સ્થિતિ ધરખમ બદલાઈ ગઈ છે.

સોમવતી અમાસ અને અધિક પુરુષોત્તમ માસના અંતિમ દિવસે હજારો શ્રદ્ધાળુઓએ અશા ખાતે નર્મદા સ્નાન કરી ધન્યતા અનુભવી, પરંતુ આ પવિત્ર અવસર દરમિયાન નદીમાં દેખાતા વધતા બેટ અને ઘટતા પાણીએ સૌનું ધ્યાન ખેંચ્યું. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે અગાઉના દાયકાઓમાં આટલો ફેરફાર ક્યારેય જોવા મળ્યો નહોતો. નદીમાં બેટ ઉપસી આવવાના કારણે જળ નિષ્ણાતોના મતે આ દરિયાના પાણીના ભરતીની સીધી અસર છે. હાલમાં સમુદ્રનું ખારું પાણી ભરૂચના ભાલોદ ગામ સુધી પહોંચી ગયું છે. ભરતી ઓટ વેળાએ દરિયાનું પાણી પરત ફરતી વખતે નદીના તાજા પાણીને સાથે વહાવી જાય છે, જેના કારણે જળસ્તર ઘટી જાય છે અને રેતીના ટેકરા સ્વરૂપે ઉપસી આવે છે.

જો કે, ભાડભૂત ખાતે આવેલું બેરેજ અને ભવિષ્યમાં આકાર લેનાર કલ્પસર પ્રોજેક્ટ ખારા પાણીને નર્મદાના મુખ્ય પ્રવાહમાં પ્રવેશતા અટકાવી શકે તેવી સંભાવના છે. નિષ્ણાતોનું માનવું છે કે, આ પ્રોજેક્ટ્સ કાર્યાન્વિત થશે તો સોલ્ટી વોટરની સમસ્યા પર અંકુશ મેળવી શકાશે. ત્યાં સુધી નદીના સ્વાસ્થ્ય અને જળસ્તર પર ચાંપતી નજર રાખવાની જરૂર છે, નહીંતર ભરૂચની જીવાદોરી ગણાતી નર્મદા ગંભીર સંકટમાં મુકાઈ શકે છે.

### નર્મદામાં વધતા બેટ: સરકારી રેકોર્ડમાં માત્ર બે, જમીન પર અનેક

નર્મદા નદીમાં સત્તાવાર રીતે માત્ર કબીરવડ અને આલીયાબેટ જ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ છેલ્લા સમયમાં નદી કાંઠે આવેલાં અનેક ગામોમાં નાના બેટ ઉપસી આવ્યા છે. નદીના ઘટતા જળસ્તરને કારણે આ નવા બેટો સર્જાઈ રહ્યા છે, જે પર્યાવરણીય ફેરફાર તરફ સંકેત આપે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ બેટોની વધતી સંખ્યા નદીના અસ્તિત્વ માટે ચિંતાજનક બાબત છે. જો કે, સરકારી રેકોર્ડમાં હજુ સુધી આ નવા બેટોનો સમાવેશ થયો નથી.

## ગડખોલ ગ્રામ પંચાયતની ડમ્પિંગ સાઈટમાં ફરી આગ



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

■ અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગડખોલ ગ્રામ પંચાયતની ડમ્પિંગ સાઈટમાં ફરી એકવાર આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. ડમ્પિંગ સાઈટ પર એકત્રિત કરાયેલા કચરામાં અચાનક આગ લાગતાં ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવી હતી.અંકલેશ્વર ડીપીએમસીના ફાયર વિભાગના જવાનો ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઇટરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર કાર્યવાહી થતાં આગ વધુ ફેલાતી અટકાવી શકાઈ હતી. ઘટનાની જાણ થતાં ગડખોલ ગ્રામ પંચાયતના તલાટી પણ સ્થળ પર પહોંચી સમગ્ર પરિસ્થિતિની માહિતી મેળવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. જો કે, વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે ડમ્પિંગ સાઈટના સંચાલન અંગે યોગ્ય તપાસ કરી આગ નિવારણ માટે અસરકારક પગલાં ભરવાની સ્થાનિકોએ માંગ ઉઠાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગડખોલ ગ્રામ પંચાયતની આ ડમ્પિંગ સાઈટ પર અગાઉ પણ અનેક વખત આગ લાગવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે સ્થાનિક રહીશોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ડમ્પિંગ સાઈટના સંચાલન અને આગ નિવારણ માટે પૂરતી તકેદારી રાખવામાં આવે છે કે કેમ તે અંગે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના ધારાસભ્યએ કેવડી ઈકો ટુરિઝમ કેમ્પ સાઈટની મુલાકાત લીધી




હિતેશ પટેલ

માંડવીઃ વડાપ્રધાનના વડપણ હેઠળ કેન્દ્ર સરકારના સુશાસનનાં "૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ"ના અંતર્ગત પ્રગતિપથ યાત્રા અંતર્ગત ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ જિ.પં.ના પ્રમુખ સમીર મોદી સાથે માંડવીના કેવડી ઈકો ટુરિઝમ કેમ્પ સાઈટની મુલાકાત લીધી હતી. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, પ્રગતિપથ યાત્રાના માધ્યમથી વિકાસના કાર્યોની સાથે સાથે પ્રાકૃતિક અને પર્યાવરણીય વારસાને લોકો સુધી પહોંચાડવાનો પણ એક સુંદર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુરત વન વિભાગ સંચાલિત કેવડી ઈકો ટુરિઝમ કેમ્પ પ્રકૃતિપ્રેમીઓ માટે એક અનોખું અને આકર્ષક પર્યટન સ્થળ છે. દક્ષિણ ગુજરાતના હરિયાળા પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે આવેલ આ કેમ્પ બર્ડ વોચિંગ, હાઈકિંગ, પ્રકૃતિના રમણીય રસ્તાઓ તેમજ વન્યજીવનના અવલોકન માટે વિશેષ ઓળખ ધરાવે છે.

### નર્મદા નદી પુલ ઉપર અજાણ્યા વાહન અડફેટે એકનું મોત, ચાલક પલાયન

રાજપીપળાઃ રાજપીપળા-પોઇચા નર્મદા નદીના પુલ પર તા.25-6-2026ના રોજ સવારે આશરે 9:30 કલાકે કૌશિકભાઈ રાવલ પોતાનું બાઈક નં.( GJ-22-1559 ) લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી પૂરઝડપે આવી રહેલી એક અજાણી પિકઅપ ગાડીએ તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કૌશિકભાઈ રોડ પર પટકાતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી પિકઅપ ચાલક વાહન સહિત ફરાર થઈ ગયો હતો. મૃતકના નાના ભાઈ વિરેન્દ્રભાઈ રાવલે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### ઝઘડિયામાં ભાડુતની નોંધણી નહીં કરાવનાર માલિક સામે ગુનો દાખલ

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા GIDC પોલીસની ટીમ પેટ્રોલિંગ દરમિયાન દધેડા ગામે પહોંચી હતી. ત્યાં તેમને માહિતી મળી કે દધેડામાં એક મકાન દિવ્યેશ ગ્નાનપ્રદ નિષાદ (ઉં.વ.28) (મૂળ રહે.,ચકમોલનાપુર, તા.બદલાપુર, જિ.જોનપુર, ઉત્તરપ્રદેશ)ને ભાડે આપવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન રૂમ નં.1માં રહેતા ભાડુત પાસે કોઈ ઓળખાણ કે ફોટો સહિતની કાગળિયા ન હતા. ભાડુતે જણાવ્યું કે, તે છેલ્લા એક મહિનાથી અહીં 6000 રૂપિયા માસિક ભાડે રહે છે. મકાન માલિક જીતાલી ગામના શબ્બીર અહેમદ ગુલામ મોહમ્મદ મંસુરીએ ભાડુતની નોંધણી ન કરાવતાં ગુનો નોંધાયો હતો.

### નેત્રંગ નજીક અકસ્માતમાં વૃદ્ધાનું મોત

નેત્રંગઃ નેત્રંગના કંબોડિયા ગામ નજીક ગતરોજ એક અજાણી ફોર વ્હીલ ગાડીએ મોટરસાઇકલને ટક્કર મારી હતી. આ ઘટનામાં બાઇક પાછળ બેઠેલા ઝરણા ગામનાં ૭૦ વર્ષીય વૃદ્ધા લક્ષ્મીબેન વસાવાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાઇક ચલાવી રહેલા તેમના પુત્ર જયંતીભાઈ વસાવાને ઇજા પહોંચી હતી. માતા-પુત્ર નેત્રંગ સરકારી દવાખાને આંખની તપાસ કરાવી ઘરે પરત ફરી રહ્યાં હતાં, ત્યારે આ અકસ્માત નડ્યો હતો. અકસ્માત સર્જી અજાણ્યો ફોર વ્હીલ ચાલક વાહન સહિત સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. આ અંગે નેત્રંગ પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચના પાવર લિફ્ટરની સિદ્ધિ



ભરૂચઃ વડદલા ગામના પાવર લિફ્ટર સમસાલ ઇદ્રીશ પટેલે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અદ્ભૂત સિદ્ધિ હાંસલ કરી જિલ્લા તેમજ દેશનું ગૌરવ વધાર્યું છે. યુનાઇટેડ કિંગડમના નોટિંગહામ શહેરમાં યોજાયેલી WRPF UK વર્લ્ડ કપ 2026 સ્પર્ધામાં સમસાલ પટેલે ગોલ્ડ મેડલ જીતી ઐતિહાસિક સફળતા નોંધાવી છે. આ વૈશ્વિક વિજય બાદ જ્યારે તેઓ વતન પરત ફર્યા, ત્યારે વડદલા ગામના ગ્રામજનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ સ્વાગત સમારોહમાં ગામનાં સરપંચ વિલાસબેન આહીર, ડેપ્યુટી સરપંચ માયાબેન પટેલ, પંચાયત સભ્ય તથા એડ્વોકેટ સલીમ મન્સુરી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ગ્રામજનોએ સમસાલ પટેલની આ સિદ્ધિ માટે આનંદ વ્યક્ત કર્યો હતો.



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

# અંકલેશ્વરની સદભાવના સોસાયટી પાસે કચરાના ટેમ્પોમાં આગ ભભૂકી

**ટેમ્પો** બળીને ખાખ, ફાયર ફાઇટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની સદભાવના સોસાયટી નજીક મંગળવારે નગરપાલિકાની ડોર-ટુ-ડોર કચરાના ટેમ્પોમાં અચાનક આગ ભભૂકી હતી.

નગરપાલિકાનો ટેમ્પો સદભાવના સોસાયટી વિસ્તારમાં ઘેરઘેર જઈ કચરો એકત્ર કરવાની કામગીરી કરી રહ્યો હતો, ત્યારે અચાનક ટેમ્પોમાંથી ધુમાડો નીકળવા લાગ્યા હતા અને જોતાજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જ્વાળાઓ ઊંચી ઊઠતાં આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો અને લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં અંકલેશ્વર ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જો કે, આ ઘટના દરમિયાન પુનઃ એકવાર અંકલેશ્વર નોટિફાઈડ ડીપીએમસીના ફાયર ટેન્ડરમાં યાંત્રિક ખરાબીને કારણે પાણીનો ફોર્સ ન મળતાં રેસ્ક્યુ પ્રક્રિયામાં વિલંબ સર્જાયો હતો. જેના પગલે ટેમ્પો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં ટેમ્પામાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને ઇજા પહોંચી નથી.

# રાજવાડીમાં અડાળી બનાવવા મુદ્દે ભાઈ-ભાભીએ મહિલાને ફટકારી

**બહેનને** જમીન પર પાડી દઈ ભાઈએ કમરમાં લાતો મારી, ભાભીએ પણ સાથ આપ્યો

**ટાંટિયાં** તોડી નાંખીશું તેવી ધમકી આપી ભાઈ-ભાભી ફરાર, મહિલા હોસ્પિટલમાં દાખલ

નેત્રંગઃ નેત્રંગ-ઝંખવાવ રોડ પર આવેલા રાજવાડી ગામમાં ઘરની આગળના ભાગે અડાળી બનાવવા જેવી સામાન્ય બાબતે સગા ભાઈ-ભાભીએ એક ૫૦ વર્ષીય મહિલા પર હુમલો કરી, ગાળો ભાંડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

આ મામલે ભોગ બનનાર મહિલાએ નેત્રંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

નેત્રંગ તાલુકાના રાજવાડી ગામે રહેતાં સુમિત્રાબેન વસાવા ગતરોજ બપોરે બાર વાગ્યાના અરસામાં પોતાના ઘરની આગળના ભાગે આવેલી જૂની અડાળીને સરખી કરી રહ્યાં હતાં. દરમિયાન તેમના ઘરની પાછળ જ રહેતો તેમનો સગો ભાઈ સુકા સોમાભાઈ વસાવા ત્યાં ધસી આવ્યો હતો. તેણે સુમિત્રાબેનને જણાવ્યું કે, તમે મારા ઘર તરફ જવાના રસ્તામાં કેમ અડાળી બનાવો છો? સુમિત્રાબેને શાંતિથી જવાબ આપ્યો કે આ અડાળી વર્ષો જૂની છે અને તેઓ માત્ર તેને સીધી કરી રહ્યાં છે.

આ સાંભળતા જ ભાઈ સુકા વસાવા ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી ઝઘડો કરવા લાગ્યો હતો. વાત આટલેથી ન અટકતાં તેણે સુમિત્રાબેનને જમીન પર પાડી દઈ કમરના ભાગે જોરથી લાત મારી દીધી હતી. દરમિયાન સુકાની પત્ની વનીતા પણ ત્યાં દોડી આવી હતી અને તેણે સુમિત્રાબેનને નીચે દબાવી રાખ્યાં હતાં. મહિલાએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેથી બંને આરોપી ત્યાંથી ભાગી છૂટ્યાં હતાં. જતાં-જતાં તેઓએ સુમિત્રાબેનને 'તમારાં ટાંટિયાં તોડી નાંખીશું' તેવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત સુમિત્રાબેનને તાત્કાલિક સારવાર અર્થે નેત્રંગની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ ઘટના સંદર્ભે સુમિત્રાબેને પોતાના ભાઈ સુકા સોમા વસાવા અને ભાભી વનીતા વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વાલોડમાં એસબીઆઈના ATM રૂમમાં એસી બંધ




વાલોડઃ વાલોડ ખાતે ભાવના હોટલ નજીક એસ.બી.આઈ. બેન્કનું એટીએમ મશીન આવેલું છે. આ એટીએમ આ વિસ્તારની પ્રજાજનો માટે ઘણું ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. તેમ છતાં સુવિધા આપવામાં બેન્કના અધિકારી કે એજન્સીને જરાય રસ નથી. આ એટીએમ મશીનમાં રૂમમાં આશરે 15થી 20 દિવસથી એસી બંધ હાલતમાં હોય, જેના કારણે ભર ઉનાળામાં પૈસાની લેવડદેવડ કરવા આવતાં સ્થાનિકો પરસેવે રેબઝેબ બન્યા છે અને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. છતાં સ્ટેટ બેન્ક ઈન્ડિયાના અધિકારીઓ કે કોન્ટ્રાક્ટ સોંપવામાં આવેલી એજન્સીને ગ્રાહકોની સમસ્યા દૂર કરવામાં જરાય રસ નથી. પછી ભલેને સ્થાનિકો ગરમીમાં હાલાકી ભોગવે? જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેથી ત્વરિત આ એસી ચાલુ કરવામાં આવે એવી માંગ ઊઠી છે.

# ઝઘડિયા તાલુકાની ક્વોરીઓમાં ડીઝલની તંગી: 70 ટકા ઉત્પાદન ઠપ

**ટર્ન** ઓવર 6 કરોડથી ઘટીને 2 કરોડ થયું

ભરૂચ, ઝઘડિયાઃ ડીઝલની ગંભીર અછત અને સતત વધતા ભાવોના કારણે ઝઘડિયા તાલુકાનો ક્વોરી ઉદ્યોગ સંપૂર્ણ રીતે ઠપ્પ થવાની આરે છે. તાલુકામાં આવેલી આશરે ૫૦ ક્વોરીમાંથી માંડ 30 ટકા (15 જેટલી) ક્વોરી જ ચાલુ રહેતાં એકંદરે ઉત્પાદનમાં 70 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. આ સ્થિતિમાં ક્વોરી ઉદ્યોગનું ટર્નઓવર 6 કરોડથી ઘટી માંડ 2 કરોડ રહ્યું છે.

ડીઝલના અભાવે કપચી, મેટલ, રબલ સહિતનું બિલ્ડિંગ મટિરિયલ પણ ટ્રાન્સપોર્ટ ન થઈ શકતાં મકાન સામગ્રી મોંઘી બની છે. જેની સીધી અસર સામાન્ય નાગરિકો, બિલ્ડરો તેમજ અન્ય ઉદ્યોગો પર પડી રહી છે. ક્વોરી સાથે સંકળાયેલા સેંકડો માલવાહક વાહનોના માલિકો અને ચાલકો રોજગારી ગુમાવવાની આરે આવી ગયા છે. ક્વોરીઓમાં મશીનરી ન ચાલી શકતાં કામદારોની રોજીરોટી પણ જોખમમાં મુકાઈ છે. ડીઝલના ભાવઘાત અને અછતને પગલે રોયલ્ટીની આવકમાં પણ સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ખનીજ ઉત્પાદન ઘટતાં તેની માંગ ઘટી છે અને સરકારી ખજાનાને લાખો રૂપિયાનો ફટકો પડ્યો છે. ક્વોરી સંચાલકો પણ ગંભીર આર્થિક સંકડામણમાં મુકાયા છે અને ડીઝલની આવકમાં તાત્કાલિક વધારો થાય તેવી અપીલ કરી રહ્યા છે.

આ કટોકટીના કારણે સ્થાનિક બાંધકામ, ટ્રાન્સપોર્ટ અને ખનીજ આધારિત ઉદ્યોગો અટકી જવાની સ્થિતિ સર્જાઈ છે. ઝઘડિયા તાલુકાના ઉદ્યોગપતિઓ અને મજૂર સંગઠનોએ સરકારને ડીઝલ સપ્લાય સુનિશ્ચિત કરવા અને ભાવવધારા પર નિયંત્રણ મૂકવા માંગ કરી છે.



પ્રદીપ ગુર્જર

### નેત્રંગમાં આરોગ્ય વિભાગનું જનજાગૃતિ અભિયાન

નેત્રંગઃ નેત્રંગ તાલુકા આરોગ્ય વિભાગ નેત્રંગ દ્વારા મેલેરિયા સહિતના વાહકજન્ય રોગોની અટકાયત અને નિયંત્રણ માટે વ્યાપક જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સાથે સાથે વાહકજન્ય રોગોની અટકાયત અને નિયંત્રણ માટે વિવિધ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. ૧૪ ટીમ દ્વારા હાઉસ-ટુ-હાઉસ સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# રાજપીપળામાં વાન અડફેટે પટકાયેલા બાઇકસવારનું ટ્રક નીચે આવી જતાં મોત

રાજપીપળાઃ રાજપીપળા નજીક નર્મદા નદીના પુલ પર સાંજે પાંચ વાગ્યાના અરસામાં સાગબારાના બોધાવાવ ગામના બે મિત્ર નિખિલ વસાવા અને જીગ્નેશ વસાવા સ્પ્લેન્ડર બાઈક નં.(GJ 26 AJ 8295) પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતી એક ઈકો ગાડીના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાં જ બંને મિત્ર રોડ પર પટકાયા હતા, જેમાં પાછળ બેસેલો જીગ્નેશ રોડની વચ્ચે પડ્યો હતો. તે જ સમયે સામેથી આવતી ટ્રક નં.(GJ 5 CU 9811)ના વ્હીલ નીચે જીગ્નેશ આવી જતાં, છાતીના ભાગે ગંભીર ઈજા થવાને કારણે તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને ઈકો અને ટ્રકચાલક વાહનો સાથે ઘટના સ્થળેથી ભાગી છૂટ્યા હતા. આ અંગે ફરિયાદી નિખિલભાઈ વસાવાએ રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# બારડોલીમાં માટીનો ઢગલો જોખમી

**બારડોલીના** તેન રોડના વૈકલ્પિક માર્ગ પર તંત્રની ઘોર બેદરકારી



બારડોલીઃ બારડોલીમાં સ્થાનિક વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે, જેના કારણે નિર્દોષ વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાલમાં બારડોલીથી તેન રોડ પર નહેરના ગરનાળાનું સમારકામ ચાલી રહ્યું હોવાથી, મુખ્ય માર્ગને બંધ કરીને તમામ ટ્રાફિકને કેનાલ રોડ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જો કે, વૈકલ્પિક માર્ગ તરીકે જાહેર કરાયેલા આ કેનાલ રોડ પર જ પ્રજા માટે મુશ્કેલીઓનો પહાડ ખડકાઈ ગયો છે.

બારડોલી તરફ આવવા માંગતાં વાહનોને ઓમનગર પાસેના ગરનાળા પરથી પસાર થવું પડે છે. પરંતુ જવાબદાર તંત્ર કે કોન્ટ્રાક્ટર દ્વારા આ ચાલુ ગરનાળા પર જ મસમોટો માટીનો ઢગલો કરી દેવામાં આવ્યો છે. માટીનો આ ઢગલો એટલો ઊંચો છે કે વાહનચાલકોને સામો છેડો દેખાતો નથી, જેને કારણે દર સેકન્ડે અકસ્માત થવાનો ભય સેવાઈ રહ્યો છે. આ માર્ગ પરથી ટુ-વ્હીલર ચાલકો તો માંડ-માંડ નીકળે છે, પણ ફોર-વ્હીલર ગાડીઓ માટે પસાર થવું તદ્દન અઘરું અને જોખમી બની ગયું છે. એક તરફ મુખ્ય રસ્તો બંધ છે અને બીજી તરફ આ વૈકલ્પિક માર્ગ પર આવા અવરોધો ઊભા કરાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આટલું ઓછું હોય તેમ, આ જ માટીના ઢગલા પાસે ગરનાળાના તૂટેલા ભાગમાંથી લોખંડના તીક્ષ્ણ સળિયા બહાર દેખાઈ રહ્યા છે. રાત્રિના સમયે અથવા તો સહેજ પણ ચૂક થાય તો આ ખુલ્લા સળિયા વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. ચોમાસામાં આ સ્થિતિ વધુ ખરાબ થઈ શકે એમ છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા નગરપાલિકા આ માટીનો ઢગલો તાત્કાલિક હટાવે અને ખુલ્લા સળિયાનું યોગ્ય સમારકામ કરે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.